સત્યમેવ જયતે

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૮–૦૮–૨૦૨૩ |
| રજીસ્ટર તારીખ | ૧૮–૦૮–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૧૭–૧૧–૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | |

---

**બારમાં અધિક ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ (શ્રી આર. કે. મોઢ) ની કોર્ટ સમક્ષ, મુકામ–સુરત.**

---

**સેશન્સ કેસ નંબરઃ ૫૪૪/૨૦૨૩**
**આંક–**

**ફરીયાદીઃ–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** (૧) **જમીલ મોહમદ હનીફ શા (સાંઇ ફકીર)**
**ઉ.વ.–૨૪, ધંધો–શાકભાજી વેચવાનો,**
**રહે. દરગાહ પાસે, રામજી મંદિર સામે,**
**હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત.**

(૨) **અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ**
**ઉ.વ.–૧૯, ધંધો–ચીકનની દુકાનમાં નોકરી,**
**રહે. દરગાહ પાસે, રામજી મંદિર સામે,**
**હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત.**

(૩) **સાહીદ ઉર્ફે લીટી નુરઅલી સૈયદ**
**ઉ.વ.–૨૩, ધંધો–રીક્ષા ડ્રાઈવીંગ,**
**રહે. એચ/૧, બિલ્ડીંગ નં.૫૩,**
**રૂમ નં.એ/૧૪, કોસાડ આવાસ, અમરોલી, સુરત.**

**(૪) મોહમદ હુશેન ઉર્ફે તૌશીફ મોહમદ શબ્બીર સૈયદ**
**ઉ.વ.–૩૨, ધંધો–એ.સી.રીપેરીંગ,**
**રહે. એ/૫૦૨, અલફલા એપાર્ટમેન્ટ,**
**ઘુમ્મજવાળા મસ્જીદ પાછળ, હરીપુરા, સુરત.,**
**મુળ રહે.બી/૩૦૫, ગુલીસ્તાન એપાર્ટમેન્ટ,**
**કે.એસ.જોષી સ્કુલની સામે, મુગલીસરા, સુરત.**

---

**(જહાંગીરપુરા પો.સ્ટે પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૭૨૩૦૩૬૭/૨૦૨૩ )**
**(ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯(એ)(૩), ૪૧૧, ૧૧૪)**

---

**ફરીયાદી તર્ફે :– વિ.એ.પી.પી.શ્રી એ.પી.વસોયા**
**આરોપી ન.૧ થી ૩ તર્ફે :– વિ.વ.શ્રી એ.બી.મિર્ઝા**
**આરોપી નં.૪ તર્ફે :– વિ.વ.શ્રી ડી.જી.ખડાવાલા**

---

<u>ફોર્મ– "એ"</u>

| **બારમાં અધિક ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી ની કોર્ટમાં, મુકામ–સુરત.** | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૧૭/૧૧/૨૦૨૫ |
| સેશન્સ કેસ નં. | ૫૪૪/૨૦૨૩ |
| ગુના રજી. નં. | જહાંગીરપુરા પો.સ્ટે પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૭૨૩૦૩૬૭/૨૦૨૩ |
| ફરિયાદી. | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એ.પી.પી.શ્રી એ.પી.વસોયા |
| આરોપી. | (૧) જમીલ મોહમદ હનીફ શા (સાંઇ ફકીર) ઉ.વ.–૨૪, ધંધો–શાકભાજી વેચવાનો, રહે. દરગાહ પાસે, રામજી મંદિર સામે, હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત.<br><br>(૨) અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ ઉ.વ.–૧૯, ધંધો–ચીકનની દુકાનમાં નોકરી, રહે. દરગાહ પાસે, રામજી મંદિર સામે, હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત.<br><br>(૩) સાહીદ ઉર્ફે લીટી નુરઅલી સૈયદ ઉ.વ.–૨૩, ધંધો–રીક્ષા ડ્રાઈવીંગ, રહે. એચ/૧, બિલ્ડીંગ નં.૫૩, રૂમ નં.એ/૧૪, કોસાડ આવાસ, અમરોલી, સુરત. |

| | |
|---|---|
| | (૪) મોહમદ હુશેન ઉર્ફે તૌશીફ મોહમદ શબ્બીર સૈયદ<br>ઉ.વ.–૩૨, ધંધો–એ.સી.રીપેરીંગ,<br>રહે. એ/૫૦૨, અલફલા એપાર્ટમેન્ટ, ધુમ્મજવાળા મસ્જીદ પાછળ, હરીપુરા, સુરત.,<br>મુળ રહે.બી/૩૦૫, ગુલીસ્તાન એપાર્ટમેન્ટ, કે.એસ.જોષી સ્કુલની સામે, મુગલીસરા, સુરત. |
| બચાવપક્ષે | આરોપી ન.૧ થી ૩ તર્ફે :– વિ.વ.શ્રી એ.બી.મિર્ઝા<br>આરોપી નં.૪ તર્ફે :– વિ.વ.શ્રી ડી.જી.ખડાવાલા |

<u>ફોર્મ– "બી"</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૩/૦૬/૨૦૨૩ ના કલાક ૨૨.૦૦ વાગ્યાના સુમારે |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૪/૦૭/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | તા.૦૪/૦૮/૨૦૨૩ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | તા.૨૪/૧૨/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | તા.૧૭/૦૩/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | તા.૦૩/૧૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | તા.૧૭/૧૧/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | –– |

**આરોપીઓની વિગત**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયા ની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જમીલ મોહમદ હનીફ શા (સાંઇ ફકીર) | આરોપીનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી તા.૧૨/૦૭/ ૨૦૨૩ ના રોજ કલાક ૦૨.૦૫ | તા.૦૭/ ૧૧/ ૨૦૨૩ | ઇ.પી.કો. કલમ– ૩૭૯ (એ) (૩), ૪૧૧, ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૨ | અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ | " | તા.૦૭/ ૧૧/ ૨૦૨૩ | –"– | નિર્દોષ | – | – |
| ૩ | સાહીદ ઉર્ફે સાદલા ઉર્ફે લીટી નુરઅલી સૈયદ | " | તા.૦૬/ ૦૨/ ૨૦૨૪ | –"– | નિર્દોષ | – | – |
| ૪ | મોહમદ હુશેન ઉર્ફે તૌશીફ મોહમદ શબ્બીર સૈયદ | " | તા.૩૦/ ૧૦/ ૨૦૨૩ | –"– | નિર્દોષ | – | – |

## ફોર્મ– "સી"

## –: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :–

એ) ફરીયાદપક્ષે રજુ મૌખિક પુરાવો:–

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| PW–1 | ૨૭ | મુનીર યુનુસ વોરા | આરોપીઓના અટક પંચનામાના પંચ સાહેદ |
| PW–2 | ૨૯ | શકીફ લતીફ શેખ | આરોપીઓના અટક પંચનામાના પંચ સાહેદ |
| PW–3 | ૩૧ | ધર્મેન્દ્ર સુદર્શન વર્મા | સાહેદ |
| PW–4 | ૩૨ | ઈનાયત મોહમદ કમરૂલ | બાતમી હકીકતના પંચનામાના પંચ સાહેદ |
| PW–5 | ૩૪ | સલીમ હુસેન શેખ | બાતમી હકીકતના પંચનામાના પંચ સાહેદ |
| PW–6 | ૩૬ | કરણ લીલામ યાદવ | સાહેદ |
| PW–7 | ૩૮ | બીપીનચંદ્ર સોમાભાઇ પરમાર | પોલીસ સાહેદ |
| PW–8 | ૪૦ | વિપુલભાઇ શાંભાભાઇ કંટારીયા | પોલીસ સાહેદ |
| PW–9 | ૪૧ | રાજા ઉર્ફે દાકેશ્વર બસાકુરામ યાદવ | સાહેદ |
| PW– 10 | ૪૫ | વિક્રમભાઇ સાદુરભાઇ પોપટ | પોલીસ સાહેદ |
| PW– 11 | ૫૨ | મનવરસિંહ જાફરસિંહ વસાવા | પોલીસ સાહેદ |
| PW– 12 | ૫૯ | સંતોષ ઈશ્વર શાહુ | ફરીયાદી |

(બી) બચાવપક્ષે રજુ મૌખિક પુરાવો:–

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | કોઇ સાહેદ તપાસેલ નથી. | –––– |

(સી) અદાલત ધ્વારા

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | કોઇ સાહેદ તપાસેલ નથી. | –––– |

**-: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજી પુરાવાની સુચી :-**

(એ) ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવોઃ-

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | આરોપીઓનુ અટક પંચનામુ |
| ૨ | ૩૩ | બાતમી હકીકતનું પંચનામુ |
| ૩ | ૩૯ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટેની યાદી |
| ૪ | ૪૬ | ફરીયાદ |
| ૫ | ૪૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૬ | ૪૮ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટેની યાદી |
| ૭ | ૪૯ | ઇ.પી.કો. કલમ-૪૧૧ નો ઉમેરો કરવા માટેની યાદી |
| ૮ | ૫૩ | સ્ટેશન ડાયરીની સહી સિકકાવાળી નકલ |
| ૯ | ૫૪ | તપાસ પી.એસ.આઇ. વી.એસ.પોપટ સાહેબ તરફ મોકલેલ તેની યાદી |
| ૧૦ | ૫૫ | તપાસ સંભાળી લઇ આગળની કાર્યવાહી કરવા અશોકભાઇ મુળજીભાઇએ પી.એસ.આઇ. પોપટ સાહેબને લખેલ યાદી |

(બી) બચાવપક્ષ ધ્વારા કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(સી) અદાલત ધ્વારા બીજા કોઇ દસ્તાવેજી પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી) અદાલત ધ્વારા કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.

**-:: ચૂકા દો ::-**

(૧) આ કામના આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ જમીલ સ/ઓ મોહમદ હનીફ શા(સાંઇ ફકીર) અને આરોપી નં.૨ અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ નાઓએ તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ રાત્રિના દસેક

વાગ્યાના સુમારે ફરીયાદીનો પુત્ર નિખીલ ઝુપડાની બહાર ફુટપાથ પર બેસી મોબાઇલ ફોન જોતો હતો તે વખતે બંને આરોપીઓ આવેલા અને ફરીયાદીના પુત્રના હાથમાંથી મોબાઇલ આંચકી લીધેલ અને પુરઝડપે મોટર સાયકલ હંકારી ભાગી ગયેલ. ત્યાર બાદ આરોપી નં.૧ જમીલ સ/ઓ મોહમદ હનીફ શા(સાંઇ ફકીર) તથા આરોપી નં.૨ અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ નાઓએ ચોરી કરેલ મુદ્દામાલ આરોપી નં.૩ સાહીદ ઉર્ફે લીટી નુરઅલી સૈયદ તથા આરોપી નં.૪ મોહમદ હુશૈન ઉર્ફે તૌસીફ શબ્બીર સૈયદ નાઓને વેચી દીધેલ તે મુદ્દામાલ સાથે પકડાઇ જઇ આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાએ ફરીયાદીનો મોબાઇલ આંચકી લઇ ચીલ ઝડપ કરી તથા આરોપી નં.૩ અને આરોપી નં.૪ નાએ સદર મોબાઇલ ચોરીનો હોવાનું જાણતા હોવા છતાં તે ખરીદ કરી ગુનો કરેલ. તેથી તેઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૩) ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુદ્ધ સુરતના દસમા એડીશ્નલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી મુકદ્દમાં નં. ૭૧૦૬૮/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોઈ, સુરતના દસમા એડીશ્નલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ નાએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૦૭ અન્વયે ફરીયાદ પક્ષે રજુ આધારભુત પુરાવાની નકલો આરોપીઓને વિના મૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજના હુકમથી સુરતના સત્ર ન્યાયાલયમાં કમિટ કરેલ, જેને સેશન્સ કેસ નં. ૫૪૪/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) આ કામના આરોપીઓ નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ હાજર થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન થયેલ હોવાની ખાતરી કરી, અત્રેની કોર્ટ ધ્વારા આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આંક–૧૮ થી તહોમતનામું ફરમાવેલ છે અને આરોપીઓનું નિવેદન અનુક્રમે આંક–૧૯, આંક–૨૦, આંક–૨૧ અને આંક–૨૨ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૫) આરોપી વિરુદ્ધ આંક – ૧૮ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

(૬) ફરિયાદ પક્ષે આંક–૬૧ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેઓના વિશેષ નિવેદનમાં તેઓ નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો તેઓએ કરેલો નથી. તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ છે.

**<u>ફરીયાદપક્ષની દલીલોઃ–</u>**

(૭) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ભારપૂર્વક દલીલો કરેલ છે. સદર કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં કુલ ૧૨ સાહેદોના મૌખિક પુરાવા તથા ૧૦ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને સદર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓને ગુના સાથે સાંકળતો પુરાવો રજુ કરેલ છે. સદર પુરાવો ધ્યાને લેતા આરોપીઓને ગુના સાથે સાંકળતો સીધો અને પ્રત્યક્ષ પુરાવો રજુ કરેલ છે તથા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય આરોપીઓને દોષીત ઠરાવી સજા ફરમાવવા અરજ કરેલ છે. તદઉપરાંત

વિશેષમાં દલીલ કરેલ છે કે હાલના સમયમાં સમાજમાં આવા પ્રકારના ગુનાનું પ્રમાણ દિવસે દિવસે વધુ જવા પામેલ હોય સમાજમાં દાખલો બેસે તથા આવા ગુના બનવાનું પ્રમાણ ઘટાડી શકાય તે હેતુથી સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલોઃ–</u>**

(૮) સદર કામે બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા રજુઆત કરી દલીલ કરેલ છે કે, સદર કામે ફરીયાદપક્ષ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરી શકેલ નથી. ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવો જરૂરી છે. હાલના કેસમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. સદર કામમાં આરોપીઓને ગુના સાથે સાંકળે તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. માત્ર શંકાના આધારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી. હાલના કેસમાં આરોપીઓ વિરુધ્ધ શંકા ઉત્પન્ન થાય તેટલો પુરાવો રજુ કરવામાં પણ ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીઓને ગુના સાથે સાંકળે તેવો કોઈ સાંયોગિક પુરાવો પણ રજુ થયેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) ફરિયાદ પક્ષે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વ.શ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, હાલના કેસના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>– મુદ્દા –</u>**

૧) શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ અને ૨ નાઓએ તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ રાત્રિના દસેક વાગ્યાના સુમારે ફરીયાદીનો પુત્ર નિખીલ ઝુપડાની બહાર ફુટપાથ પર બેસી મોબાઈલ ફોન જોતો હતો તે વખતે બંને આરોપીઓ આવેલા

અને ફરીયાદીના પુત્રના હાથમાંથી મોબાઈલ આંચકી લીધેલ અને પુરઝડપે મોટર સાયકલ હંકારી ભાગી ગયા બાદ આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ ચોરી કરેલ મુદ્દામાલ આરોપી નં.૩ તથા આરોપી નં.૪ નાઓને વેચી દીધેલ તે મુદ્દામાલ સાથે પકડાઇ જઈ આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાએ ફરીયાદીનો મોબાઈલ આંચકી લઈ ચીલ ઝડપ કરી તથા આરોપી નં.૩ અને આરોપી નં.૪ નાએ સદર મોબાઈલ ચોરીનો હોવાનું જાણતા હોવા છતાં તે ખરીદ કરી તેમ કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨) શુ હુકમ ?

(૯.૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વે નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ.

## –: નિર્ણયના કારણો :–

(૧૦) પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ તથા ફોજદારી કાયદા શાસ્ત્રના સ્થાપીત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષ દ્વારા આક્ષેપીત હકીકત નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. તથા ફરીયાદપક્ષ દ્વારા પોતાની પાસે ઉપલબ્ધ હોય તેવા શ્રેષ્ઠ પુરાવા દ્વારા પોતાનો કેસ સાબીત કરવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમ છતાં જો ફરીયાદપક્ષ દ્વારા રજુ પુરાવા પરથી ફરીયાદપક્ષના કેસના મુળ સુધી જાય તેવી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થતો હોય છે. સાથે સાથે એ હકીકત પણ ધ્યાને લેવી તેટલી જ જરુરી છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ પુરાવા પર ગેરવ્યાજબી શંકા ઉભી ન થાય. વધુમાં એ હકીકત પણ કાયદા દ્વારા સ્થાપીત છે કે પુરાવા માં આવતા ગૌણ વિરોધાભાસોને પણ તેટલુ મહત્વ આપી શકાય નહી. ઉપરોકત તમામ હકીકતો લક્ષ્યમાં રાખી ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૧) સદર કામે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા કરતા અગાઉ ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેવી જરૂરી જણાય છે. આ કામના આરોપી નં.૧ જમીલ સ/ઓ મોહમદ હનીફ શા(સાંઇ ફકીર) અને આરોપી નં.૨ અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ નાઓએ તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ રાત્રિના દસેક વાગ્યાના સુમારે ફરીયાદીનો પુત્ર નિખીલ ઝુપડાની બહાર ફુટપાથ પર બેસી મોબાઇલ ફોન જોતો હતો તે વખતે બંને આરોપીઓ આવેલા અને ફરીયાદીના પુત્રના હાથમાંથી મોબાઇલ આંચકી લીધેલ અને પુરઝડપે મોટર સાયકલ હંકારી ભાગી ગયેલ. ત્યાર બાદ આરોપી નં.૧ જમીલ સ/ઓ મોહમદ હનીફ શા(સાંઇ ફકીર) તથા આરોપી નં.૨ અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ નાઓએ ચોરી કરેલ મુદ્દામાલ આરોપી નં.૩ સાહીદ ઉર્ફે લીટી નુરઅલી સૈયદ તથા આરોપી નં.૪ મોહમદ હુશૈન ઉર્ફે તૌસીફ શબ્બીર સૈયદ નાઓને વેચી દીધેલ તે મુદ્દામાલ સાથે પકડાઇ જઇ આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાએ ફરીયાદીનો મોબાઇલ આંચકી લઇ ચીલ ઝડપ કરી તથા આરોપી નં.૩ અને આરોપી નં.૪ નાએ સદર મોબાઇલ ચોરીનો હોવાનું જાણતા હોવા છતાં તે ખરીદ કરેલ. તેથી તેઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબનો ગુનો અત્રેની કોર્ટ સમક્ષ આચરેલ હોવાનો આક્ષેપ છે . તે સબબ ફરીયાદપક્ષ ધ્વારા મહત્વના સાહેદ તરીકે સાહેદ ધર્મેન્દ્ર સુદર્શન વર્માને સાહેદ નં.૩ તરીકે આંક–૩૧ થી તથા સાહેદ કરણ લીલામ યાદવને સાહેદ નં. ૬ તરીકે તથા સાહેદ રાજા ઉર્ફે દાકેશ્વર બસાકુરામ યાદવને સાહેદ નં. ૯ તરીકે આંક–૪૧ થી તથા ફરીયાદી સંતોષ ઇશ્વર શાહુને સાહેદ નં.૧૨ તરીકે આંક–૫૯ થી તપાસેલા છે. સદર ફરીયાદી તથા અન્ય સાહેદોનો પુરાવો વિગતવાર ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

**<u>–: ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>**

(૧૨) ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ફરીયાદી સંતોષ ઇશ્વર શાહુનો પુરાવો સાહેદ નં. ૧૨ તરીકે આંક–૫૯ થી રજુ કરેલ છે. સદર ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૨૩ની સાલમાં તેઓ સુરત મુકામે પરિવાર સાથે રહેતા હતા અને મજુરીકામ કરતા હતા અને તેમનો પુત્ર નિખીલ પણ તેમની સાથે મજુરીકામ કરતો હતો. બનાવના અઠવાડિયા પહેલા તેઓ અને તેમનો પુત્ર નિખીલ ઉગત કેનાલ રોડ ઉપર બિલ્ડીંગની

બાજુમાં ઝૂપડામાં રહેતા હતા અને બાજુની સાઈડમાં બાંધકામવાળી જગ્યાએ કામ કાજ કરતા હતા. તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ રાત્રે ૧૦ વાગ્યે તેઓ ઝૂપડામાં જમતા હતા અને તેમનો પુત્ર નિખીલ ઝુપડાની બહાર ફુટપાથ પર બેસી મોબાઈલ જોતો હતો તે વખતે ટુ વ્હીલ ઉપર બે ઈસમો આવેલા અને પાછળ બેસેલ ઈસમે તેમના પુત્રના હાથમાંથી મોબાઈલ ખેંચી પુરઝડપે મોટર સાયકલ લઈને નાસી ગયેલા અને અંધારાના કારણે ગાડીનો નંબર જોઈ શકાયેલો નહી અને તેઓ તેની પાછળ ગયેલા પરંતુ પત્તો લાગેલો નહી અને તેઓ તેમના કામમાં રોકાયેલા હોય ફરીયાદ કરવા ગયેલા નહી અને તેમના પુત્ર પાસે ઓપો કંપનીનો મોબાઈલ હતો અને તેની કિંમત ૫૦૦૦/– હતી. તેથી આ બાબતે તેઓએ તેમના પુત્રનો મોબાઈલ લઈ જનાર ઈસમ વિરુધ્ધ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલી હતી. તેમને આંક–૪૮ ની ફરીયાદ બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ અને પોલીસે તેનુ પંચનામુ કરેલુ હતુ. મુદ્દામાલ મોબાઈલ તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આરોપીઓને તેઓએ જોયા ન હોય તેથી ઓળખી શકે નહી.

(૧૫.૧) સદર ફરીયાદીની આરોપી નં. ૪ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા ફરીયાદ ૧૦ દિવસ મોડી આપેલ છે અને ફરીયાદ મોડી આપવાનો કોઈ ખુલાસો કરેલ ન હોવાનુ, આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે તથા તેમનો મોબાઈલ પડી ગયેલ હોય જેથી હાલની ખોટી ફરીયાદ તેઓએ આપેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૫.૨) સદર ફરીયાદીનો પુરાવો બચાવપક્ષની ઉલટ તપાસ સહીત ધ્યાને લેતાં તેઓએ તેમના પુરાવામાં બનાવ હકીકતને સમર્થન આપેલ છે પરંતુ અંધારાને કારણે તેઓ ગાડીનો નંબર જોઈ શકેલા નહી અને આરોપીને તેઓએ જોયા ન હોય તેથી હાલ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે તથા બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ ફરીયાદ ૧૦ દિવસ મોડી આપેલ હોવાનુ તથા આરોપીની ઓળખ પરેડ કરાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ફરીયાદી કે જેઓ બનાવનો ભોગ બનનારના પિતા છે તેઓની સમગ્ર જુબાની ઉપરથી તેમનો દિકરો ઝુપડાની બહાર ફુટપાથ ઉપર બેસી મોબાઈલ જોતો હતો ત્યારે ટુ વ્હીલર ઉપર બે ઈસમો આવેલા અને પાછળ બેસેલ ઈસમે તેમના પુત્રના હાથમાંથી મોબાઈલ ખેંચી નાસી ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે

છે પરંતુ અંધારાના કારણે તેઓ ગાડીનો નંબર જોઈ શકેલા નથી તથા જે તે વખતે આરોપીને જોયેલા ન હોય જેથી હાલ તેઓ આરોપીને ઓળખી શકે નહી તેથી તેમના પુત્રનો મોબાઇલ ફોન આરોપી નં.૧ અને ૨ નાએ જ તેમના પુત્રના હાથમાંથી ખેંચેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ સદર સાહેદના પુરાવા પરથી તેઓએ સદર મોબાઇલ આરોપી નં.૩ અને ૪ નાઓને વેચાણ કરેલ હોય અને આરોપી નં.૩ અને ૪ નાએ પણ તે મોબાઇલ ચોરીનો હોવાનુ જાણતા હોવા છતા ખરીદ કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. જેથી બનાવ સમયે હાલના આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુનો આચરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૧૩) સદર કામે ફરીયાદપક્ષે સાહેદ ધર્મેન્દ્ર સુદર્શન વર્માનો પુરાવો સાહેદ નં.૩ તરીકે આંક–૩૧ થી રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદી કે તેના પુત્રને ઓળખતા નથી અને ફરીયાદીનો પુત્ર નીખીલ મોબાઇલ લઇને ફુટપાથ ઉપર બેસેલા હોય અને તેની પાસે બે અજાણ્યા ઇસમો મો.સા પર આવ મોબાઇલ ખેંચીને ગયા હોય તેવુ તેઓએ જોયેલ નથી. બનાવ બાબતે તેઓ કાઇ જાણતા નથી. પોલીસે તેમનુ નામ ઠામ પુછી તેમનુ નિવેદન લખી લીધેલ હતુ. આરોપીઓને તેઓએ જોયા ન હોય તેથી ઓળખી શકે નહી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપેલ હોવા છતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) સદર કામે ફરીયાદપક્ષે સાહેદ કરણ લીલામ યાદવનો પુરાવો સાહેદ નં.૬ તરીકે આંક–૩૬ થી રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૨૩ ની સાલમાં તેઓ જહાંગીરપુરા ખાતે રહેતા હતા અને મજુરીકામ કરતા હતા. ફરીયાદી અને તેના મિત્ર નિતીનને તેઓ ઓળખે છે અને તે તેમની સાથે મિસ્ત્રીનું કામ કરતા હતા. બનાવ સમયે અડાજણ બાજુ કામકાજ કરવા ગયેલા હતા અને તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ તેમના કામકાજ કરવા ગયેલા અને સાંજે ૬ વાગે ઘરે આવેલા અને જમી પરવારી રાત્રિના ૧૦ વાગ્યે નિખીલ ફુટપાથ ઉપર મોબાઇલ ફોન જોતો હતો અને તેઓ

અને તેમના મિત્ર નિખીલથી થોડા દુર ઉભેલા હતા તે વખતે એક મોટર સાયકલ ઉપર બે અજાણ્યા ઈસમો આવેલા અને નિખીલના હાથમાંથી મોબાઈલ આંચકીને અંધારામાં ભાગી ગયેલા. તેઓએ ગાડીનો નંબર જોયેલો નહી અને ચહેરા પણ સ્પષ્ટ જોયેલા નહી. આ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. આરોપીને તેઓએ સ્પષ્ટ જોયા ન હોય જેથી હાલ ઓળખી શકે નહી.

(૧૪.૧) સદર સાહેદની આરોપી નં.૪ તરફેની ઉલટ તપાસ વંચાણે લેતાં ફરીયાદી તેમના મિત્ર થતા હોય તેથી તેના કહેવાથી નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે તથા પોલીસે ફકત તેમનુ નામ ઠામ પુછેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આરોપી નં.૧, ૨ અને ૩ તરફે ઉપર મુજબની ઉલટ તપાસ ગ્રાહ્ય રાખેલ છે.

(૧૪.૨) સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદ તેમની સરતપાસમાં બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તેઓએ ગાડીનો નંબર જોયેલ નથી તેમજ ચહેરા પણ જોયેલા ન હોવાનું અને આરોપીને સ્પષ્ટ જોયા ન હોય તેથી હાલ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. જેથી સદર સાહેદના પુરાવા ઉપરથી બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન મળે છે પરંતુ સદર બનાવમાં હાલના આરોપીઓ કોઈ રીતે સંકળાયેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદની જુબાની ઉપરથી ફલીત થતી નથી.

(૧૫) ત્યાર બાદ ફરીયાદપક્ષે સાહેદ રાજા ઉર્ફે દાકેશ્વર બાસકુરામ યાદવનો પુરાવો સાહેદ નં.૯ તરીકે આંક-૪૧ થી રજુ કરેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને-૨૦૨૩ ની સાલમાં તેઓ સુરત ખાતે રહેતા હતા અને મિસ્ત્રીકામ કરતા હતા. ફરીયાદી અને નિખીલને તેઓ સાથે કામકાજ કરતા હોય તેથી સારી રીતે ઓળખે છે. તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ સવારે કામ પર ગયેલા અને સાંજે પરત આવેલા અને જમી પરવારી રાત્રિના ૧૦ વાગ્યે તેઓ બહાર નીકળેલા અને નિખીલ ફુટપાથ ઉપર બેસી મોબાઈલ જોતો હતો અને તેઓ નિખીલથી થોડે દુર તેમના મિત્રો સાથે ઉભા હતા તે વખતે એક ટુ વ્હીલ ઉપર બે અજાણ્યા ઈસમો આવેલા અને નિખીલના હાથમાંથી મોબાઈલ આંચકીને અંધારામાં ભાગી ગયેલા. તેઓએ ગાડીનો નંબર સ્પષ્ટ જોયેલો નહી અને આરોપીના ચહેરા પણ સ્પષ્ટ જોયેલા નહી. આ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. આરોપીને તેઓએ સ્પષ્ટ જોયા ન હોય તેથી હાલ ઓળખી શકે નહી.

(૧૫.૧) સદર સાહેદની આરોપી નં.૪ તરફેની ઉલટ તપાસ વંચાણે લેતાં ફરીયાદી તેમના મિત્ર થતા હોય તેથી તેના કહેવાથી નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે તથા પોલીસે ફકત તેમનુ નામ ઠામ પુછેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આરોપી નં.૧, ૨ અને ૩ તરફે ઉપર મુજબની ઉલટ તપાસ ગ્રાહ્ય રાખેલ છે.

(૧૫.૨) સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદે પણ તેમની સરતપાસમાં બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તેઓએ ગાડીનો નંબર જોયેલ નથી તેમજ ચહેરા પણ જોયેલા ન હોવાનું અને આરોપીને સ્પષ્ટ જોયા ન હોય તેથી હાલ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે તથા ઉલટ તપાસમાં પણ પોલીસે ફકત તેમનુ નામ ઠામ પુછેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી સદર સાહેદના પુરાવા ઉપરથી બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન મળે છે પરંતુ સદર બનાવમાં હાલના આરોપીઓ કોઈ રીતે સંકળાયેલ હોય તેવી કોઇ હકીકત સદર સાહેદની જુબાની ઉપરથી ફલીત થતી નથી.

**<u>-: પંચ સાહેદોનો પુરાવો :-</u>**

(૧૬) સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક-૨૮ થી આરોપીઓનુ અટક પંચનામુ રજુ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ મુનીર યુનુસ વોરાનો પુરાવો સાહેદ નં.૧ તરીકે આંક-૨૭ થી તથા પંચ સાહેદ શકીફ લતીફ શેખનો પુરાવો સાહેદ નં.૨ તરીકે આંક-૨૯ થી જુ કરેલ છે. સદર બંને પંચ સાહેદોએ તેમના પુરાવામાં તૈયાર કાગળ પર સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ હોવાનુ જણાવી આંક-૨૮ થી રજુ પંચનામામાં પંચ તરીકે સહી હોવાનું ઓળખી બતાવેલ છે તથા તેમની રૂબરુમાં કોઇ આરોપીઓનું શરીર સ્થિતીનું પંચનામુ કરી અટક કરેલા હોય તેવુ બનેલ નથી કે તે અંગેનુ કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવી આરોપીને જોયા ન હોય તેથી હાલ ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવેલ છે. સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૬.૧) આમ, સદર બંને પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓના અટક પંચનામાની કાર્યવાહી તેમની રૂબરુમાં થયેલ હોય તેવી હકીકત શંકાસ્પદ જણાય છે. જેથી સદર પંચનામુ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વંચાણે લઇ શકાય તેમ નથી.

(૧૭) સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૩ થી બાતમી હકીકતનું પંચનામુ રજુ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ ઈનાયત મોહમદ કમરૂલનો પુરાવો સાહેદ નં.૪ તરીકે આંક–૩૨ થી તથા પંચ સાહેદ સલીમ હુસેન શેખનો પુરાવો સાહેદ નં.૫ તરીકે આંક–૩૪ થી રજુ કરેલ છે. સદર પંચનામાના બંને પંચ સાહેદોએ તેમના પુરાવામાં તૈયાર કાગળ પર સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ હોવાનુ જણાવી આંક–૩૩ થી રજુ પંચનામામાં પંચ તરીકે સહી હોવાનું ઓળખી બતાવેલ છે તથા તેમની રૂબરુ કોઇ આરોપીઓને અટક કરેલા હોય તેવુ બનેલ ન હોવાનુ, તેઓ બાતમી વર્ણનવાળી જગ્યા ગયા હોય તેવુ બનેલ ન હોવાનુ અને ત્યાંથી આરોપીઓને મુદ્દામાલ સાથે અલગ અલગ જગ્યાએથી પકડેલા હોય તેવુ બનેલ ન હોવાનુ તથા તેઓ પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનુ કે આરોપીને અટક કરેલ હોય તેવુ બનેલ ન હોવાની હકીકત જણાવેલ છે તથા મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી તથા આરોપીઓને પણ જોયા ન હોય ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. સદર બંને પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપે તેવો કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૭.૧) આમ, સદર પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં સદર પંચનામાની કાર્યવાહી પણ તેમની રૂબરુમાં કરવામાં આવેલ હોવાની હકીકત શંકાસ્પદ જણાય છે. જેથી સદર પંચનામુ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વંચાણે લઇ શકાય તેમ નથી.

**<u>–: પોલીસ સાહેદોનો પુરાવો :–</u>**

(૧૮) ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ બીપીનચંદ્ર સોમાભાઇ પરમાર નાઓનો પુરાવો સાહેદ નં.૦૭ તરીકે આંક–૩૮ થી રજુ કરેલ છે. સદર સાહેદ તેઓના પુરાવામાં જણાવે

છે કે, સને–૨૦૨૩ ની સાલમાં તેઓ રાંદેર પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ તરીકે તેમની ફરજ બજાવતા હતા તે વખતે તેઓ તથા તેમના પોલીસ સ્ટાફના માણસો રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમા સાહેબ સાથે વાહન ચોરી તથા મોબાઇલ ચોરી અને મોબાઇલ સ્નેચીંગના બનાવો અટકાવવા સારૂ અને તે શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ની અધ્યક્ષતામાં સી.સી.ટી.વી કેમેરાની મદદ વડે પેટ્રોલીંગ કરતા હતા તે વખતે ફરતા ફરતા મોરાભાગળ ચાર રસ્તા પંહોચેલા તે વખતે હે.કો વિપુલભાઇ તથા અ.પો.કો અર્જુનભાઇ રાઘુભાઇને સંયુકત બાતમી હકીકત મળેલી અને બધાને બાતમી હકીકતથી વાકેફ કરેલા અને સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં મોબાઇલ સ્નેચીંગ કરતા જમીલશા ફકીર તથા અરબાઝ માંજરો ચોરી કરી મોબાઇલ લઇને મોરાભાગળ હનુમાન ટેકરી પાસે પલ્સર ગાડીમાં નીકળનાર છે તેવી બાતમી હકીકત મળેલી જેથી અ.હે.કો ધર્મેન્દ્રસીંહે નજીકથી બે પંચો બોલાવેલા અને પંચો ઇનાયતભાઇ અને સલીમભાઇને લાવેલા અને બંનેને પંચમાં રહેવાની સમજ આપેલી. ત્યાંથી અલગ અલગ વાહનોમાં બેસી બાતમી વર્ણન વાળી જગ્યાએ ગયેલા અને પલ્સર ગાડી લઇને બે ઇસમો આવેલા તેને ભરતભાઇએ કોર્ડન કરી પકડી પંચો રૂબરૂ તેનુ નામ ઠામ પુછતા જમીલ મોહમદ હનીફ શા હોવાનુ જણાવેલ અને તેની અંગજડતી કરતા ત્રણ મોબાઇલ મળી આવેલા અને બીજાનુ નામ પુછતા અરબાઝ ઉર્ફે માંજરો પઠાણની અંગજડતી કરતા ત્રણ મોબાઇલ મળી આવેલા અને તેને મોબાઇલના આધાર પુરાવા માંગતા રજુ કરેલા નહી અને મોબાઇલ ચોરીના હોવાનુ જણાવેલ અને વધુ પુછપરછ કરતા તેને અલગ અલગ વિસ્તારમાં ૧૦૦ કરતા પણ વધુ મોબાઇલ સ્નેચીંગ કરેલાનુ જણાવેલ. તે મોબાઇલો સાહીદના મારફતે મોહમદ હુસેન હરીપુર વાળાને અલગ અલગ કિમંતોએ આપતો હોવાનુ જણાવેલ અને આ મોબાઇલો પણ મોહમદને આપતા હોવાનુ જણાયેલ અને સાદીક હરીપુરા ખાતે આવવાનો છે તેવી પંચો રૂબરૂ જણાવતા તેઓ બધા આરોપી તથા પંચો સાથે મોહમદ હુસૈનના ઘરે ગયેલા અને ત્યાં આગળ પંહોચતા મસ્જીદ પાસે સાહીદ મળી આવેલો અને તેને ઓળખ આપવામાં આવેલી અને તેનુ નામ પુછતા સાહીદ ઉર્ફે લીટી સૈયદ હોવાનુ જણાવેલ અને તેની અંગજડતી માંથી પણ મોબાઇલ મળી આવેલ અને તે તેની માલીકીનુ હોવાનુ જણાવેલ પરંતુ પુરાવા રજુ કરેલા નહી અને તેની પાસેથી ઓટો રીક્ષા પણ કબજે કરેલી અને તેની પુછપરછ કરતા મોબાઇલ પણ હાલના આરોપી પાસેથી લીધેલ હોવાનુ જણાવેલ. ત્યાંથી બધા મોહમદ હુસૈનના ઘરે ગયેલાનુ જણાવેલ અને તેને પકડી પાડેલો અને તેનુ નામ ઠામની

ખરાઇ કરી તેની પાસેથી પણ મોબાઇલ મળી આવેલો જે કબજે કરેલો ઘરની અંદર તપાસ કરતા કોઇ ચીજ વસ્તુઓ મળી આવેલ નહી અને રૂમની અંદર કબાટ મળી આવેલ હતો તેમાંથી અલગ અલગ મોબાઇલો તથા રોકડ રકમ મળી આવેલ અને મોબાઇલ બાબતે પુછતા તેણે સાહીદ પાસેથી ખરીદ કરેલ હોવાનુ જણાવેલ અને સાહીદ તેની ગાડીનો ઉપયોગ કરતો હોવાનુ જણાવેલ અને તમામ મોબાઇલો તપાસના કામે કબજે કરેલ અને ચલણી નોટો પણ એક લાખ મળી આવેલ તે પણ ચોરીના મોબાઇલ વેચીને લાવેલ હોવાનુ જણાવેલ. આ તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ. અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આ બાબતે ગુના નોંધાયેલા હોય અને તે બાબતે જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરેલી અને આરોપી મોહમદે બર્ગમેન ગાડી બતાવેલી તે પણ કબજે કરેલી અને આમ કુલ્લે ૧૪,૬૦,૦૦૦/– નો મુદદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ તેઓએ પંચનામાની વિગતે કબજે કરેલો અને આરોપીને અટક કરેલા અને પંચનામુ પણ પંચો રૂબરુ કરેલુ તે પંચનામુ આંક–૩૩ થી રજુ છે તે તેમને બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં રૂબરુ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે છે. આરોપીને તેઓ ઓળખી શકે છે. આરોપી સાહીદ ઉર્ફે લીટી હાજર છે તેને ઓળખી બતાવે છે. તેમને આંક–૩૯ ની સ્ટેશન ડાયરીમા નોંધ કરવાની યાદી બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામે તેઓએ તેમના સાથી પો.કો. ના નિવેદનો લઇ કામમાં સામેલ રાખેલા અને આ કામમાં તેઓએ કરેલ કામગીરીના કાગળો, આરોપીઓ અને મુદ્દામાલ સહીત તમામ વસ્તુઓ ત.ક. અમલદારને સુપ્રત કરેલ.

(૧૮.૧) સદર પોલીસ સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા ન હોવાનુ, તેઓએ જે મુદ્દામાલ મોબાઇલ કબજે કરેલ તે સીલ કરેલ ન હોવાનુ, જે બાતમીવાળી જગ્યાના પંચોના નિવેદનો લીધેલા ન હોવાનુ, તેઓએ આજુબાજુના સાક્ષીઓના નિવેદનો લીધેલા ન હોવાનુ તથા તેઓએ પોલીસ સાહેદોના નિવેદનો તથા પંચનામુ કર્યા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આરોપી નં.૩ તરફે ઉપર મુજબની ઉલટ તપાસ ગ્રાહ્ય રાખેલ છે.

(૧૮.૨) આમ, સદર પોલીસ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં તેઓના પુરાવા ઉપરથી તેઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળતા બાતમીવાળી જગ્યાએ જઇ આરોપીની અટક કરેલ છે તથા તેમની પાસેથી મુદ્દામાલ કબજે કરેલ છે અને મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ પંચોની રૂબરુમાં કરેલ હોવાનું જણાવેલ છે તથા સાથી પોલીસ સાહેદોના નિવેદનો લઇ તેમણે કરેલ કામગીરીના કાગળો, આરોપીઓ અને મુદ્દામાલ સહીત તમામ વસ્તુઓ ત.ક.અમલદારને સુપ્રત કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ઉલટ તપાસમાં તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ ન હોવાનુ અને આજુબાજુના સાક્ષીઓના નિવેદનો લીધેલ ન હોવાનુ તથા નિવેદનો અને પંચનામુ કર્યા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૧૯) ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ વિપુલભાઇ સાંભાભાઇ કંટારીયા નાઓનો પુરાવો સાહેદ નં.૦૮ તરીકે આંક-૪૦ થી રજુ કરેલ છે. સદર સાહેદ તેઓના પુરાવામાં જણાવે છે કે, સને-૨૦૨૩ ની સાલમાં તેઓ રાંદેર પોલીસ સ્ટેશનમાં અ.હે.કો. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે વખતે તેઓ તથા તેમના પી.એસ.આઇ. બી.એસ.પરમાર સાહેબ તથા પોલીસ સ્ટાફના માણસો રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાહેબ સાથે વાહન ચોરી તથા મોબાઇલ ચોરી અને મોબાઇલ સ્નેચીંગના બનાવો અટકાવવા સારુ અને તે શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમીશ્નર સાહેબશ્રીની અધ્યક્ષતામાં સી.સી.ટી.વી. કેમેરાની મદદ વડે પેટ્રોલીંગ કરતા હતા તે વખતે ફરતા ફરતા મોરા ભાગળ ચાર રસ્તા પહોંચેલા તે વખતે તેમને તથા અ.પો.કો. અર્જુનભાઇ રાઘુભાઇને સંયુકત બાતમી હકીકત મળેલી અને બધાને બાતમી હકીકતથી વાકેફ કરેલા. સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં મોબાઇલ સ્નેચીંગ કરતા જમીલશા ફકીર તથા અરબાઝ માંજરો ચોરી કરી મોબાઇલ લઇને મોરા ભાગળ હનુમાન ટેકરી પાસે પલ્સર ગાડીમાં નીકળનાર છે તેવી બાતમી હકીકત મળેલી જેથી અ.હે.કો. ધર્મેન્દ્રસિંહ નજીકથી બે પંચો બોલાવેલા અને પંચો ઇનાયતભાઇ અને સલીમભાઇને લાવેલા અને બંનેને પંચમાં રહેવાની સમજ આપેલી અને ત્યાંથી અલગ અલગ વાહનોમાં બેસી બાતમી વર્ણનવાળી જગ્યાએ ગયેલા અને પલ્સર ગાડી લઇને બે ઇસમો આવેલા તેને ભરતભાઇએ કોર્ડન કરી પકડી પંચો રૂબરુ તેનુ નામ ઠામ પુછતા જમીલ મોહમદ હનીફ શા હોવાનું જણાવેલ અને તેની અંગજડતી કરતા ત્રણ

મોબાઈલ મળી આવેલા. બીજાનુ નામ પુછતા અરબાઝ ઉર્ફે માંજરો પઠાણની અંગ જડતી કરતા ત્રણ મોબાઈલ મળી આવેલા અને તેને મોબાઈલના આધાર પુરાવા માંગતા રજુ કરેલા નહી અને મોબાઈલ ચોરીના હોવાનુ જણાવેલ અને વધુ પુછપરછ કરતા તેને અલગ અલગ વિસ્તારમાં ૧૦૦ કરતા પણ વધુ મોબાઈલ સ્નેચીંગ કરેલાનું જણાવેલ અને તે મોબાઈલો સાહીદના મારફતે મોહમદ હુસેન હરીપુર વાળાને અલગ અલગ કિંમતોએ આપતો હોવાનું જણાવેલ અને આ મોબાઈલો પણ મોહમદને આપતા હોવાનું જણાયેલુ અને સાદીક હરીપુરા ખાતે આવવાનો છે તેવી પંચો રૂબરુ જણાવતા તેઓ બધા આરોપી તથા પંચો સાથે મોહમદ હુસૈનના ઘરે ગયેલા. ત્યાં આગળ પંહોચતા મસ્જીદ પાસે સાહીદ મળી આવેલો અને તેને ઓળખ આપવામાં આવેલી અને તેનુ નામ પુછતા સાહીદ ઉર્ફે લીટી સૈયદ હોવાનુ જણાવેલ અને તેની અંગજડતી માંથી પણ મોબાઈલ મળી આવેલ અને તે તેની માલિકીનુ હોવાનુ જણાવેલ પરંતુ પુરાવા રજુ કરેલા નહી અને તેની પાસેથી ઓટો રીક્ષા પણ કબજે કરેલી અને તેની પુછપરછ કરતા મોબાઈલ પણ હાલના આરોપી પાસેથી લીધેલ હોવાનુ જણાવેલ અને ત્યાંથી બધા મોહમદ હુસૈનના ઘરે ગયેલાનુ જણાવેલ અને તેને પકડી પાડેલો અને તેનુ નામ ઠામની ખરાઈ કરી તેની પાસેથી પણ મોબાઈલ મળી આવેલો જે કબજે કરેલો ઘરની અંદર તપાસ કરતા કોઈ ચીજ વસ્તુઓ મળી આવેલ નહી અને રૂમની અંદર કબાટ મળી આવેલ હતો તેમાંથી અલગ અલગ મોબાઈલો તથા રોકડ રકમ મળી આવેલ અને મોબાઈલ બાબતે પુછતા તેણે સાહીદ પાસેથી ખરીદ કરેલ હોવાનુ જણાવેલ અને સાહીદ તેની ગાડીનો ઉપયોગ કરતો હોવાનુ જણાવેલ અને તમામ મોબાઈલો તપાસના કામે કબજે કરેલ અને ચલણી નોટો પણ એક લાખ મળી આવેલ તે પણ ચોરીના મોબાઈલ વેચીને લાવેલ હોવાનુ જણાવેલ આ તમામ મુદદામાલ પંચનામાની વિગતે કબજે કરેલ. અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આ બાબતે ગુના નોંધાયેલા હોય અને તે બાબતે જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરેલી અને આરોપી મોહમદે બર્ગમેન ગાડી બતાવેલી તે પણ કબજે કરેલી અને આમ કુલ્લે ૧૪,૬૦,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ સાહેબે પંચનામાની વિગતે કબજે કરેલો અને આરોપીને અટક કરેલા. મુદ્દામાલ તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે છે. આરોપીને તેઓ ઓળખી શકે છે. આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર છે તેને સાહેદ ઓળખી બતાવે છે. આ બાબતે પી.એસ.આઈ. પરમાર સાહેબે તેમનુ નિવેદન લીધેલ હતુ.

(૧૯.૧) સદર પોલીસ સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં બાતમીની હકિકત તેમને મળેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. બાતમી મળેલી ત્યારે તેઓ મોરાભાગળ રાંદેરમાં હતા. બાતમીવાળી જગ્યાથી મોરા ભાગળ ૨૦૦ મીટર જેટલુ આવેલ છે. બાતમીવાળી જગ્યાએ તેઓ ખાનગી વાહનમાં ગયેલા. તેઓ જે ખાનગી વાહનમાં ગયેલા તેનો નંબર જણાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. પંચોની કોઇ અંગજડતી કરવામાં આવેલ હોય તેવુ બનેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે. પંચોને લેવા ધર્મેન્દ્રસિહ ગયેલા હતા. પંચનામામાં પંચોના નામ દર્શાવેલા ન હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. હનુમાન ટેકરીથી બાતમીવાળી ત્રીજી જગ્યા આશરે ૭ થી ૮ કિ.મીટ જેટલુ થાય છે. બાતમીવાળી જગ્યા ભીડભાડવાળી જગ્યા હોવાનુ, ત્યાં આજુબાજુ મોબાઇલની દુકાનો આવેલી હોવાનુ, ત્યાંના કોઈ સ્થાનિક પંચોને રાખ્યા હોય તેવુ બનેલ ન હોવાનુ, તેઓ રેડીંગ પાર્ટીમાં સાથે હતા અને તે સિવાય પંચનામાની કાર્યવાહી પરમાર સાહેબ કરેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આરોપી નં.૩ તરફે ઉપર મુજબની ઉલટ પાસ ગ્રાહ્ય રાખેલ છે.

(૧૯.૨) આમ, સદર પોલીસ સાહેદના પુરાવા ઉપરથી પણ તેઓએ બાતમીવાળી જગ્યાએ જઇ તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરેલ તેની હકીકત જણાવેલ હોવાનુ જણાય આવે છે.

(૨૦) ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ વિક્રમભાઈ સાદુરભાઈ પોપટ નાઓનો પુરાવો સાહેદ નં.૧૦ તરીકે આંક–૪૫ થી રજુ કરેલ છે. સદર સાહેદ તેઓના પુરાવામાં જણાવે છે કે, સને–૨૦૨૩ ની સાલમાં તેઓ જહાંગીરપુરા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે વખતે ફરીયાદી સંતોષ સાહુ નાઓ તેમની રૂબરુમાં આવેલા અને જણાવેલ કે તેમનો પુત્ર નિખીલ તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ ઝૂપડાની બહાર ફુટપાથ પર બેસી ફોન જોતો હતો તે વખતે એક મોટર સાયકલ પર બે અજાણ્યા ઇસમો આવેલા અને મોબાઇલ ખેંચીને ભાગી ગેયલા અને તેમના દિકરા પાસે ઓપો કંપનીનો ફોન હતો તે મોબાઇલ સ્નેચીંગ બાબતેની વિગતવારની ફરીયાદ તેમના રૂબરુ આવી લખાવતા તેઓએ ફરીયાદીની ફરીયાદ તેના લખાવ્યા મુજબ લખી લીધેલી. સદર ફરીયાદ તેને વાંચી સમજાવેલી હતી અને ત્યાર બાદ તેની ઉપર તેની સહી લીધેલી અને રૂબરુ તરીકે તેઓએ તેમની સહી કરેલી. તે ફરીયાદ આંક–૪૬ થી

રજુ છે તે તેમને બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને ફરીયાદીની અને રૂબરુ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ફરીયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર કરવા સારુ તેઓએ ફરીયાદ પી.એસ.ઓ. નો મોકલી આપેલ અને પી.એસ.ઓ. એ ગુનો સ્ટેશન ડાયરીમાં નોંધ્યા બાદ આગળની તપાસ તેમના તરફ મોકલી આપેલ જે તેઓએ સંભાળી લીધેલી. આ કામના ફરીયાદી ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય તેથી બે તટસ્થ પંચો બોલાવી પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાએ ગયેલા અને ગુનાવાળી જગ્યાનું વિગતવારનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ તેઓએ લખેલુ તે પંચનામુ આંક–૪૭ થી રજુ છે તે તેમને બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં બે પંચોની અને રૂબરુ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યાર બાદ આ કામના લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ કામમાં સામેલ રાખેલા અને આ કામના આરોપીઓને રાંદેર પોલીસ સ્ટેશનના માણસોએ પકડેલ હોય અને તેમાં હાલના ગુનાનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવેલો તેથી રાંદેર પોલીસના માણસો ધ્વારા જરૂરી કાર્યવાહી કરી મુદ્દામાલ અને આરોપીને તેમના ગુનાના કામે સોંપી આપતા તેઓએ આ કામના આરોપીઓ તથા મુદ્દામાલ સંભાળી લીધેલ અને જરૂરી કાર્યવાહી કરી અને આ કામના આરોપીઓની અટક કરેલ અને તે અંગેનું આરોપીનુ શરીર સ્થિતીનું પંચનામુ આંક–૨૮ થી રજુ છે. તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં બે પંચોની અને રૂબરુ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. રાંદેર પોલીસના માણસોએ જે કાગળો સુપ્રત કરેલા તે તેઓએ કામમાં સામેલ રાખેલા. આરોપીઓને સમય મર્યાદામાં નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલા અને આરોપીને અટક કરેલા તે બાબતની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પણ તેઓએ યાદી લખેલી તે યાદી આંક–૪૮ થી રજુ છે તે તેમને બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૪૧૧ નો ઉમેરો કરવો જરૂરી હોય જેથી તે અંગેની યાદી લખી નામદાર કોર્ટમાં મોકલી આપેલ અને આરોપીઓ સામે ૪૧૧ નો ઉમેરો પણ કરાવેલો અને એ અંગેની યાદી આંક–૪૯ થી રજુ છે તે તેમને બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આ કામના આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતુ. તેઓ આરોપીઓને ઓળખી શકે છે જે પૈકી ૨ આરોપીઓ હાજર છે જેને તેઓ

ઓળખી બતાવે છે. મુદ્દામાલ મોબાઇલ ઓપો કંપનીનો તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે છે.

(૨૦.૧) સદર પોલીસ સાહેદની આરોપી નં. ૪ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદીએ ફરીયાદ ૨૦ દિવસ મોડી આપેલ હોવાનુ, તેઓએ ફરીયાદી પાસે આરોપીઓની ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ ન હોવાનુ, તેઓએ ફરીયાદીને મુદ્દામાલની ઓળખ કરાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે તથા બનાવવાળી જગ્યાના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા ન હોવાની હકીકતનો ઇન્કાર કરેલ છે. તેઓએ ફરીયાદીના દિકરાનો જે મોબાઇલ ઝુંટવાયેલો તેનુ કોઇ નિવેદન લીધેલ ન હોવાનુ, બનાવવાળી જગ્યાના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ લીધેલ હોય તેવુ બનેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે તથા ફરીયાદીની ફરીયાદ ખોટી લખી લઇ પંચનામાઓ પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરી તૈયાર પંચનામામાં પંચોની સહી લઇ લીધેલ હોવાનુ, ફરીયાદને અનુરૂપ તેઓએ સાહેદોના નિવેદનો લખી લીધેલ હોવાનો તથા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં નામદાર કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આરોપી નં.૧ થી ૩ તરફે ઉપર મુજબની ઉલટ તપાસ ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

(૨૦.૨) આમ, સદર પોલીસ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં તેઓએ ફરીયાદીની ફરીયાદ લીધેલ છે તથા ફરીયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. ને મોકલી આપેલ અને પી.એસ.ઓ. એ સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા બાદ સદર ગુનાની તપાસ તેમના તરફ મોકલતા તેઓએ તે તપાસ સંભાળી લીધેલ હોવાનુ તથા ફરીયાદી ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલ હોવાનુ, લાગતા વળગતા સાહેદોના નિવેદન લઇ કામમાં સામેલ રાખેલ તથા આરોપીઓની અટક કરી શરીર સ્થિતીનું પંચનામુ કરેલ તથા ઇ.પી.કો. કલમ–૪૧૧ નો ઉમેરો કરવા નામદાર કોર્ટમાં યાદી કરી આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે તેમજ ઉલટ તપાસમાં તેઓએ આ કામે આરોપીની ઓળખ પરેડ કરાવેલ ન હોવાની હકીકતનો તથા ફરીયાદીને મુદ્દામાલની ઓળખ કરાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી આરોપી નં.૧ અને ૨ નાએ જ ફરીયાદીના પુત્રનો મોબાઇલ આંચકી લીધેલ હોય તેવી હકીકત નિઃશંકપણે માની શકાય તેમ જણાતુ નથી.

(૨૧) ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ મનવરસિંહ જાફરસિંહ વસાવા નાઓનો પુરાવો સાહેદ નં.૧૧ તરીકે આંક–પર થી રજુ કરેલ છે. સદર સાહેદ તેઓના પુરાવામાં જણાવે છે કે, તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ તેઓ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં કલાક ૦૮.૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૩ ના કલાક ૦૮.૦૦ સુધી પી.એસ.ઓ.તરીકે તેમની ફરજ બજાવતા હતા તે વખતે ફરીયાદી સંતોષભાઇ સાહુ નાઓએ પી.એસ.આઇ. વી.એસ.પોપટ સાહેબ રૂબરુ વિગતવારની ફરીયાદ આપેલી હતી તે ફરીયાદ સાહેબે લખી લીધા બાદ ગુનો રજીસ્ટર કરવા સારુ તેમના તરફ મોકલી આપેલ હતી જે ફરીયાદના આધારે તેઓએ સ્ટેશન ડાયરીમાં તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ કોમ્પ્યુટરાઇઝડ સ્ટેશન ડાયરીમાં અનુક્રમ નં. ૨૭ થી કલાક ૨૩.૪૫ વાગ્યે ફર્સ્ટ ગુના રજી. નં. ૩૬૭/૨૦૨૩, ઇ.પી.કો. કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો ગુનો સ્ટેશન ડાયરીમાં નોંધેલો તે તેઓએ જાતે નોંધેલો. તે કોમ્પ્યુટરાઇઝડ સ્ટેશન ડાયરીની સહી સિકકાવાળી નકલ તેઓ તેમની સાથે લાવેલ છે. તેમાં લખેલ હકીકત ખરી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–પ૩ થી રજુ છે. ગુનો રજીસ્ટર કર્યા બાદ તેઓએ સદર ગુનાની તપાસ પી.એસ.આઇ. વી.એસ.પોપટ સાહેબ તરફ મોકલી આપેલી હતી તે અંગેની યાદી પણ તેઓએ તૈયાર કરેલી હતી તે યાદી આંક–પ૪ થી રજુ છે તે તેમને બતાવતા તેમાં લખેલ હકીકત ખરી છે અને તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–પપ નો તપાસ સંભાળી લઇ આગળની કાર્યવાહી કરવાની યાદી બતાવતા જે તેમના પોલીસ સ્ટેશનના બીજા પી.એસ.ઓ. અશોકભાઇ મુળજીભાઇ નાઓએ પી.એસ.આઇ. પોપટ સાહેબનો સંબોધીને લખેલ યાદી છે અને તેમાં પી.એસ.ઓ અશોકભાઇની સહી છે જે તેમની સાથે કામગીરી કરતા હોય જેથી તેઓ તેઓની સહીથી પરીચીત છે.

(૨૧.૧) સદર પોલીસ સાહેદની આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ ફરીયાદના આધારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી તે સિવાય સદર ગુનાના કામે તેઓએ બીજી કોઇ તપાસ કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આરોપી નં. ૪ તરફે ઉપર મુજબની ઉલટ તપાસ ગ્રાહ્ય રાખેલ છે.

(૨૧.૨) આમ, સદર પોલીસ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર કામની ફરીયાદના આધારે સ્ટેશન ડાયરીમાં ગુનો રજીસ્ટર કરેલ છે.

**-: સમગ્ર પુરાવાની ચર્ચા :-**

(૨૨) સદર કામે રજુ સમગ્ર પુરાવાની એકસાથે ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષે મહત્વના સાહેદ તરીકે આંક-૩૧ થી સાહેદ નં.૩ ધર્મેન્દ્ર સુદર્શન વર્માનો પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવતા વિ. એપીપીશ્રી દ્વારા વિગતવાર ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક-૩૬ થી સાહેદ નં.૬ કરણ લીલામ યાદવ તથા આંક-૪૧ થી સાહેદ નં.૯ રાજા ઉર્ફે દાકેશ્વર બસાકુરામ યાદવનો પુરાવો ધ્યાને લેતાં સદર બંને સાહેદ ફરીયાદી અને તેમના પુત્ર નિખીલને ઓળખતા હોવાનું જણાવી ફરીયાદ હકીકત મુજબની હકીકત તેમના પુરાવામાં જણાવેલ છે પરંતુ તેઓએ સદર ગાડીનો નંબર સ્પષ્ટ જોયેલો નહી અને આરોપીના ચહેરા પણ સ્પષ્ટ જોયેલા ન હોય તેથી ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવેલ છે અને ઉલટ તપાસમાં પણ પોલીસે ફકત તેમનુ નામ ઠામ પુછેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર બંને સાહેદોના પુરાવા ઉપરથી પણ ફરીયાદીના પુત્ર નિખીલનો મોબાઇલ ટુ-વ્હીલર ઉપર આવેલા બે ઇસમો તેના હાથમાંથી આંચકીને નાસી ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે પરંતુ મોટર સાયકલ ઉપર આવેલ સદર બે ઇસમો હાલના કામના આરોપી નં.૧ અને આરોપી નં.૨ જ હતા તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ સદર બંને આરોપીઓએ સદર મોબાઇલ આરોપી નં.૩ અને ૪ નાઓને વેચાણ કરેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક-૫૯ થી ફરીયાદી સંતોષ ઇશ્વર શાહુને સાહેદ નં. ૧૨ તરીકે તપાસેલા છે. સદર ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓ પણ તેમના પુરાવામાં બનાવ બનેલ હોવાની હકીકત જણાવે છે પરંતુ તે સમયે તેઓ ઝુપડામાં જમતા હતા તથા અંધારાના કારણે ગાડીનો નંબર જોઇ શકાયેલ ન હોવાની તથા આરોપીને જોયેલા ન હોય તેથી હાલ ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવેલ છે તથા ઉલટ તપાસમાં પણ આરોપીની ઓળખ પરેડ કરાવેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. આમ, સદર ફરીયાદીના પુરાવા ઉપરથી પણ બે ઇસમો મોટર સાયકલ પર આવી તેમના પુત્રના હાથમાંથી મોબાઇલ આંચકીને નાસી ગયેલ

હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ તે કઇ બે વ્યકિત કોણ હતી તેવી કોઈ હકીકત જણાવતા ન હોય હાલના આરોપી નં.૧ અને ૨ તેમના પુત્રના હાથમાંથી મોબાઇલ આંચકીને નાસી ગયેલ હોય અને તેઓએ તે મોબાઇલ આરોપી નં.૩ અને ૪ નાઓને વેચાણ કરેલ હોય તેવી કોઇ ફલીત થતી નથી. જેથી ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સદર તમામ સાહેદોના પુરાવા ઉપરથી આરોપીઓને ગુના સાથે સાંકળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય સદર સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વંચાણે લઈ શકાય તેમ નથી.

(૨૩) વધુમાં ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આરોપીને બાતમીના આધારે પકડવામાં આવેલા હતા. જે સબબ સાહેદ નં.૭ બીપીનચંદ્ર સોમાભાઈ પરમારનો આંક–૩૮ થી રજુ પુરાવો તથા સાહેદ નં.૮ વિપુલભાઈ શાંભાભાઈ કંટારીયાનો આંક–૪૦ થી રજુ પુરાવો ધ્યાને લેતા તેઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળતા બાતમીના આધારે બાતમીવાળી જગ્યાએ જઈ બાતમી વર્ણનવાળી જગ્યાએથી આરોપી નં.૧ જમીલ મોહમદ હનીફ તથા આરોપી નં.૨ અરબાઝ ઉર્ફે માંજરો પઠાણે પકડી અને તેઓની અંગજડતી દરમ્યાન બંને પાસેથી ત્રણ મોબાઇલ મળી આવતા કોઈ આધાર પુરાવા ન હોય ચોરીના હોવાનું જણાવેલ અને અલગ અલગ વિસ્તારમાંથી ૧૦૦ થી વધુ મોબાઇલ ચોરી કરેલ હોવાનુ જણાવેલ અને તે મોબાઇલ આરોપી નં.૩ મોહમદ સાહીદના મારફતે આરોપી નં.૪ મોહમદ હુસેનને આપેલ હોવાનું જણાવતા આરોપી નં.૪ ના ઘરે જઈ તપાસ કરતા રૂમની અંદર કબાટમાંથી અલગ અલગ મોબાઇલ તથા રોકડ મળી આવેલ અને સદર મોબાઇલ સાહીદ પાસેથી ખરીદ કરેલ હોવાનું જણાવતા આ તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનું જણાવેલ છે. સદર પંચનામાના પંચ સાહેદો ઈનાયત મોહમદ કમરુલ જટનો પુરાવો સાહેદ નં.૪ તરીકે આંક–૩૨ થી તથા સલીમ હુસેન શેખનો પુરાવો સાહેદ નં.પ તરીકે આંક–૩૪થી રજુ થયેલ છે. સદર પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમના પુરાવામાં તૈયાર કાગળો પર સહી કરવાનું કહેતા સહી કરેલી હોવાનુ તથા તેમની રૂબરુમાં બાતમી આધારે આરોપીઓને અટક કરેલા હોય તથા તેઓ સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય અને આક્ષેપ મુજબનો કોઈ મુદ્દામાલ મળી આવેલ હોય તેવુ બનેલ ન હોવાનુ તથા આરોપીઓને જોયા ન હોય તેથી

ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવેલ છે તથા મુદ્દામાલ ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલ છે. જેથી સદર બંને પંચ સાહેદોના પુરાવાથી પણ સદર પંચનામાની કાર્યવાહી તેમની રૂબરુમાં કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. જેથી સદર પોલીસ સાહેદના પુરાવાને સદર પંચનામાના પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. જેથી સદર પંચનામાની હકીકત પુરવાર થતી ન હોય સદર પંચનામુ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વંચાણે લઈ શકાય તેમ નથી. આમ, સદર પોલીસ સાહેદો દ્વારા કરેલ કામગીરીને સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી અને તે કારણસર સદર સાહેદો દ્વારા જણાવેલ હકીકત શંકાથી પર રહેતી નથી. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક–૪૫ થી સાહેદ નં.૧૦ તરીકે વિક્રમભાઈ સાદુરભાઈ પોપટનો પુરાવો રજુ કરેલ છે જે ધ્યાને લેતા તેઓએ તેમના પુરાવામાં તેઓએ સદર કામની ફરીયાદ લીધેલ છે અને તે ગુનો રજીસ્ટર કરવા કરવા પી.એસ.ઓ. ને મોકલી આપેલ અને ગુનો રજીસ્ટર થયા બાદ સદર કામની તપાસ તેમને મળતા ફરીયાદી ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય બે તટસ્થ પંચો બોલાવી પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ લખેલ હોવાનુ જણાવી આંક–૪૭ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોની પુરતી તપાસ કરવા છતા મળી આવેલ નથી અને તેથી તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા નથી. જેથી સદર પંચનામાની હકીકતને પંચ સાહેદોના મૌખિક પુરાવાથી સમર્થન મળતુ ન હોય સદર પંચનામુ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વંચાણે લઈ શકાય તેમ નથી. તદઉપરાંત તપાસ કરનાર અમલદારે તેઓના પુરાવામાં આંક–૨૮ થી રજુ આરોપીની અટક કરેલ અને શરીર સ્થિતીનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ સદર પંચનામાના પંચ સાહેદ મુનીર યુનુસ વોરાનો આંક–૨૭ થી રજુ પુરાવો તથા પંચ સાહેદ શકીફ લતીફ શેખનો આંક–૨૯ થી રજુ પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમના પુરાવામાં તૈયાર કાગળો પર સહી કરવાનું કહેતા સહી કરેલી હોવાનુ તથા તેમની રૂબરુમાં આરોપીઓની શરીર સ્થિતીનું પંચનામુ કરી અટક કરેલા હોય તેવુ બનેલ ન હોવાનુ તથા આરોપીઓને જોયા ન હોય તેથી ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી સદર બંને પંચ સાહેદોના પુરાવાથી પણ આરોપીઓના અટક

પંચનામાની કાર્યવાહી તેમની રૂબરુમાં કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. જેથી સદર પોલીસ સાહેદના પુરાવાને સદર પંચનામાના પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. જેથી સદર પંચનામાની હકીકત પુરવાર થતી ન હોય સદર પંચનામુ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વંચાણે લઈ શકાય તેમ નથી. આમ, જયારે પોલીસ સાહેદોના પુરાવાને તેઓએ કરેલ કામગીરી સબબ અન્ય સ્વતંત્ર સાહેદો કે પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવાને આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી. તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક–પર થી પોલીસ સાહેદ મનવરસિંહ જાફરસિંહ વસાવાનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર કામની ફરીયાદના આધારે સ્ટેશન ડાયરીમાં ગુનો રજીસ્ટર કરેલ હોવાનું જણાવેલ છે. આમ, સદર પોલીસ સાહેદના પુરાવા ઉપરથી પણ આરોપીઓને ગુના સાથે સાંકળે તેવો કોઇ સીધો, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૨૪) આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજુ પુરાવા ઉપરથી આરોપી નં.૧ જમીલ મોહમદ હનીશ શા(સાઇ ફકીર) તથા આરોપી નં. અરબાઝ ઉર્ફે માંજરો નાઓએ ફરીયાદીના પુત્રના હાથમાંથી મોબાઇલ આંચકી લઇ તે મોબાઇલ આરોપી નં.૩ સાહીદ ઉર્ફે સાદલા સૈયદ તથા આરોપી નં.૪ મોહમદ હુશૈન સૈયદ નાઓને વેચાણ કરેલ હોય અને આરોપી નં.૩ સાહીદ ઉર્ફે સાદલા સૈયદ તથા આરોપી નં.૪ મોહમદ હુશૈન સૈયદ નાઓએ પણ સદર મોબાઇલ ચોરીનો હોવાનું જાણવા છતાં આરોપી નં.૧ અને આરોપી નં.૨ પાસેથી ખરીદ કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. ફરીયાદપક્ષ દ્બારા રજુ પુરાવામાં માત્ર અને માત્ર પોલીસ સાહેદોના પુરાવાથી કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ સદર પોલીસ સાહેદોના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. તપાસ કરનાર અમલદાર દ્બારા કોઈ ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી કે કોઈ સીસીટીવી ફુટેજ મેળવી રજુ કરેલ હોય અથવા તો ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ રેકર્ડ પર આવતુ નથી. આમ, આરોપીઓ વિરુધ્ધનો કેસ શંકા રહિત પુરવાર થતો ન હોય તથા ફરીયાદપક્ષ આરોપીઓને ગુના સાથે સાંકળે તેવો કોઇ સીધો, પ્રત્યક્ષ કે સાંયોગીક પુરાવો રજુ કરી શકેલ ન હોવાનું જણાય છે.

(૨૫) આ તબકકે ફોજદારી ન્યાયશાસ્ત્રમાં પુરાવાના બોજા સંદર્ભે તેમજ પુરાવાના મુલ્યાંકન બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા *"Bhagwan Jagannath Markad & Ors. Vs. State of Maharashtra"*, *"2016 (10) SCC 537"* ના ચુકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

*"18. It is accepted principle of criminal jurisprudence that the burden of proof is always on the prosecution and the accused is presumed to be innocent unless proved guilty. The prosecution has to prove its case beyond reasonable doubt and the accused is entitled to the benefit of the reasonable doubt. The reasonable doubt is one which occurs to a prudent and reasonable man. Section 3 of the Evidence Act refers to two conditions – (i) when a person feels absolutely certain of a fact – "believe it to exist" and (ii) when he is not absolutely certain and thinks it so extremely probable that a prudent man would, under the circumstances, act on the assumption of its existence. The doubt which the law contemplates is not of a confused mind but of prudent man who is assumed to possess the capacity to "separate the chaff from the grain". The degree of proof need not reach certainty but must carry a high degree of probability.* ***Vijayee Singh V. State of U.P. (1990) 3 SCC 190, Paras- 18, 28-30.***

*19. While appreciating the evidence of a witness, the court has to assess whether read as a whole, it is truthful. In doing so, the court has to keep in mind the deficiencies, drawbacks and infirmities to find out whether such discrepancies shake the truthfulness. Some discrepancies not touching the core of the case are not enough to reject the evidence as a whole. No true witness can escape from giving some discrepant details. Only when discrepancies are so incompatible as to affect the credibility of the version of a witness, the court may reject the evidence. Section 155 of the Evidence Act enables the doubt to impeach the credibility of the witness by proof of former inconsistent statement. Section 145 of the Evidence Act lays down the procedure for contradicting a witness by drawing his attention to the part of the previous statement which is to be used for contradiction. The former statement should have the effect of discrediting the present statement but merely because the latter statement is at variance to the former to some extent, it is not enough to be treated as a contradiction. It is not every discrepancy which affects creditworthiness and trustworthiness of a witness. There may at times be exaggeration or embellishment not*

*affecting credibility. The court has to sift the chaff from the grain and find out the truth. A statement may be partly rejected or partly accepted. Want of independent witnesses or unusual behavior of witnesses of a crime is not enough to reject evidence. A witness being a close relative is not enough to reject his testimony if it is otherwise credible. A relation may not conceal the actual culprit. The evidence may be closely scrutinized to assess whether an innocent person is falsely implicated. Mechanical rejection of evidence even of a 'partisan' or 'interested' witness may lead to failure of justice. It is well known that principle "falsus in uno, falsus in omnibus" has no general acceptability. On the same evidence, some accused persons may be acquitted while others may be convicted, depending upon the nature of the offence. The court can differentiate the accused who is acquitted from those who are convicted. A witness may be untruthful in some aspects but the other part of the evidence may be worthy of acceptance. Discrepancies may arise due to error of observations, loss of memory due to lapse of time, mental disposition such as shock at the time of occurrence and as such the normal discrepancy does not affect the credibility of a witness.*

*20. Exaggerated to the rule of benefit of doubt can result in miscarriage of justice. Letting the guilty escape is not doing justice. A Judge presides over the trial not only to ensure that no innocent is punished but also to see that guilty does not escape.*

(૨૬) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ રજુ સમગ્ર પુરાવો, બંને પક્ષે રજુ થયેલ દલીલો, નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો તથા હાલના કેસની હકીકત તથા ઉપર કરવામાં આવેલ વિગતવારની ચર્ચા ધ્યાને લેતાં ફરીયાદપક્ષે રજુ તમામ સાહેદોના પુરાવાથી હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ સીધો, પ્રત્યક્ષ કે સાંયોગીક પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી . ફરીયાદપક્ષ આરોપી સામે આંક–૧૮ થી ફરમાવેલ તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબનો આક્ષેપિત ગુનો સબળ, વિશ્વસનીય, આધારભૂત અને સાતત્યસભર પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું સ્પષ્ટ જણાતુ હોય તે મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવુ છુ તેમજ મુદ્દા નં.૨ સંદર્ભે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– હુકમ –**

(૧) આ કામના **આરોપી (૧) જમીલ મોહમદ હનીફ શા (સાઇ ફકીર),** રહે. દરગાહ પાસે, રામજી મંદિર સામે, હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત, **(૨) અરબાઝ ઉર્ફે માંજરો નવસાદ પઠાણ,** રહે. દરગાહ પાસે, રામજી મંદિર સામે, હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત **(૩) સાહીદ ઉર્ફે સાદલા ઉર્ફે લીટી નુરઅલી સૈયદ,** રહે. એચ/૧, બિલ્ડીંગ નં.૫૩, રૂમ નં.એ/૧૪, કોસાડ આવાસ, અમરોલી, સુરત, **(૪) મોહમદ હુશેન ઉર્ફે તૌશીફ મોહમદ શબ્બીર સૈયદ,** રહે. એ/૫૦૨, અલફલા એપાર્ટમેન્ટ, ધુમ્મજવાળા મસ્જીદ પાછળ, હરીપુરા, સુરત, મુળ રહે.બી/૩૦૫, ગુલીસ્તાન એપાર્ટમેન્ટ, કે.એસ.જોષી સ્કુલની સામે, મુગલીસરા, સુરત નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) (ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૫૮(૧)) અન્વયે જહાંગીરપુરા પો.સ્ટે પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૭૨૩૦૩૬૭/૨૦૨૩, ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯(એ)(૩), ૪૧૧ તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્ધામાલ પાવતીમાં જણાવેલ ઓપો કંપનીના મોબાઇલ અંગે અગાઉ જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મોબાઇલની માલિકી અંગેની યોગ્ય ખરાઇ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) દરેક આરોપીએ સી.આર.પી.સી.કલમ– ૪૩૭(એ) (ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૧) ની જોગવાઇ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવાની ખાતરી સબબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજ રોજ **તા.૧૭ મી માહે નવેમ્બર, ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૭.૧૧.૨૦૨૫.**
**સુરત**

**( રીતેશકુમાર કાન્તીલાલ મોઢ )**
**૧૨માં અધિક સેશન્સ જજ, સુરત.**
**(GJ00825)**